પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૬૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૧૧-૨૦૨૩ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## દિલ્હીની જનતાને શ્વાસ લેવામાં પડી રહી છે તકલીફ : ૯૯૯ના અત્યંત ખતરનાક સ્તરને પાર થયો

નવીદિલ્હી,

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને એનસીઆર વિસ્તારની ઝેરી હવાએ અસ્થમા અને શ્વાસના દર્દીઓનું ટેન્શન વધારી દીધું છે. લોકોને આંખોમાં બળતરા, શ્વાસ લેવામાં તકલીફ અને ગળામાં દુખાવો જેવી ગંભીર સમસ્યા થઈ રહી છે. દિવાળી પહેલા જ દિલ્હીમાં પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. નવી દિલ્હીના અશોક વિહાર વિસ્તારમાં સવારે લગભગ ૧ વાગ્યે એર ક્વોલિટી ઈન્ડેક્સ સ્તર ૯૯૯ નોંધાયું



હતું. દેશના અનેક વિસ્તારોમાં પણ પ્રદૂષણના કારણે સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ રહી છે. હવામાન વિભાગ અનુસાર હાલમાં વરસાદની કોઈ શક્યતા નથી એટલે પ્રદૂષણમાંથી રાહત મળવાની પણ કોઈ આશા નથી.

પર્યાવરણ નિષ્ણાતોના મતે પ્રદૂષણ સામે લડવા માટે સરકારના પગલાં અપૂરતા સાબિત થઈ રહ્યા છે. દિલ્હી, નોઈડા, ગ્રેટર નોઈડા, ગુરુગ્રામ, ફરીદાબાદ સહિત NCRના તમામ વિસ્તારોમાં સવારે આકાશમાં ધુમ્મસ અને ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે. જેના કારણે રસ્તાઓ પર વિઝિબિલિટી ઘણી ઓછી છે. સાથે જ લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે.

દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણની સ્થિતિ આગામી થોડા દિવસોમાં વધુ વધી શકે છે. સરકારે પરિસ્થિતિને ઈમરજન્સી ગણીને તાત્કાલિક પગલાં લેવા જરરી જણાઈ રહ્યાં છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર, દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૫ નવેમ્બર સવારે ૭ વાગ્યે ૪૦૦થી ઉપર નોંધાયો હતો. જે ગંભીર જણાઈ રહ્યો છે. સરકાર દ્વારા પ્રદૂષણને કાબૂમાં લેવા માટે અનેક સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. પરંતુ પ્રદૂષણની સ્થિતિમાં સુધારો થતો જણાતો નથી. પવનની ધીમી ગતિ અને હવામાં વધુ ભેજને કારણે આ સમયે પ્રદૂષણ વધી રહ્યું છે. સિસ્ટમ ઓફ એર ક્વોલિટી એન્ડ વેધર ફોરકાસ્ટિંગ એન્ડ રિસર્ચની આગાહી અનુસાર દિલ્હી-એનસીઆરને પ્રદૂષણથી રાહત મળવાની કોઈ આશા નથી.

એમડી અનુસાર છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીમાં શુષ્ક હવામાન જોવા મળી રહ્યું છે. રાષ્ટ્રીય રાજધાનીમાં લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસ છે. પવનની ગતિ પણ વધી રહી નથી જેના કારણે પ્રદૂષણ ઉચ્ચ સ્તર પર રહે છે. દિલ્હીના વિવિધ વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેકશન જોઈએ તો અલીપુર ૪૬૪, આયા નગર, ૪૬૪, દ્વારકા સેક્ટર-૮ ૪૮૬, જહાંગીરપુરી ૪૬૩, એરપોર્ટ ૪૮૦, લોધી રોડ ૪૩૦ રહ્યું છે.

સરકાર દ્વારા પ્રદૂષણને કાબૂમાં લેવા માટે અનેક સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. પરંતુ પ્રદૂષણની સ્થિતિમાં સુધારો થતો નથી. વાસ્તવમાં પવનની ધીમી ગતિ અને હવામાં વધુ ભેજને કારણે આ સમયે પ્રદૂષણ સતત વધી રહ્યું છે. સિસ્ટમ ઓફ એર ક્વોલિટી એન્ડ વેધર ફોરકાસ્ટિંગ એન્ડ રિસર્ચની આગાહી મુજબ દિલ્હી-એનસીઆરને પ્રદૂષણથી રાહત મળવાની કોઈ આશા નથી.આઈએમડી મુજબ છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીમાં શુષ્ક હવામાન જોવા મળી રહ્યું છે. રાષ્ટ્રીય રાજધાનીમાં લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસ છે.

## દિવાળીને આડે ગણતરીના દિવસો બાકી છતાં ફટાકડાના રિટેઈલ માર્કેટમાં મંદી જેવો માહોલ

અમદાવાદ,

દારૂખાનુંનો ભાવ વધતા આ વર્ષે ફટાકડામાં આઠથી દસ ટકાનો વધારો થયો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ૨૦૦થી વધુ વેપારીઓએ લાઈસન્સ મેળવીને ફટાકડાનો ધંધો ચાલુ કર્યો છે. જ્યારે માણેકચોક, પાનકોર નાકાથી ગાંધીરોડ, દિલ્હી ચકલા, નારણપુરા સહિતના વિસ્તારોમાં રસ્તા ઉપર નાનાં બાળકો માટેના તારામંડળ, સાપોલિયા, ચકરડી, ટીકડીઓનું વેચાણ કરી રહ્યા છે. વેપારીઓ ધારણા સેવી રહ્યા છે છેલ્લા સમયે ફટાકડામાં ઘરાકી નીકળશે, પરંતુ છેલ્લા વર્ષની ગણતરીમાં આ વખતે ફટાકડાની ખરીદીમાં ખાસ્સી ૨૫થી ૩૦ ટકા અસર થવા પામી છે. હાલ બજારમાં રૂા.૧૦થી લઈ રૂા.૧૫,૦૦૦ સુધીના ફટાકડા ઉપલબ્ધ છે. સૌથી વધુ નાનાં બાળકોના જમીની ફટાકડા અને યુવાનો માટે આકાશી ફટાકડા શોટ્સનો ક્રેઝ વધુ છે. બાળકોની ફુલઝરમાં સ્પાર્કલ, પીકોક, જમ્પર જેવા ફટાકડાની માગ વધુ છે.



શહેરના જાણીતા ફટાકડા બજારો પૈકી રાયપુર દરવાજા ફટાકડા બજાર, દિલ્હી દરવાજા ફટાકડા બજાર, મણિનગર ફટાકડા બજાર, બાપુનગર-સરસપુર ફટાકડા બજાર, પાલડી, વાસણા અને એસ.જી. હાઈવે પરના બજાર ઉપરાંત નારણપુરા અંકુર ફટાકડા બજાર સાથે વસ્ત્રાપુરના ફટાકડા બજારમાં છેલ્લા ચારેક દિવસથી ઠીક ઠીક પ્રમાણમાં ઘરાકી ઊઘડી હોવાથી નાનાં બાળકો માટેના તારામંડળ, સાપોલિયા, ચકરડી, ટીકડી અને કૃષ્ણછાપ લક્ષ્?મી છાપ નાના ફટાકડાની મોટી લૂમના માલનું વેચાણ થયું છે. નાના બાળકોના ફટાકડાના ભાવમાં સરેરાશ ૮થી ૧૦ ટકાનો વધારો થયો છે, જેના લીધે ફટાકડાની ઘરાકી દર વર્ષ કરતાં ઓછી જોવા મળી રહી છે. સ્ટોલ કે મોટી દુકાનના બદલે લારીમાં છૂટક ફટાકડા વેચતા લારીવાળાઓ નાનાં બાળકોના ફટાકડાના વેચાણ ચાલુ થયું છે.

ફટાકડા બજારમાં નવી ફેન્સી આઈટમની સાથે સાથે ડ્રોન ફટાકડાનું આકર્ષણ વધુ જોવા મળે છે. ડ્રોન ફટાકડો ૧૫થી ૨૦ ફૂટની ઊંચાઈએ જઈ આકાશમાં ફૂટશે. આમ જોઈએ તો પ્રતિબંધિત ઊંદરડીનું ડ્રોન ફટાકડો નવું વર્ઝન છે, એટલે દિવાળી સમયે ડ્રોન ફટાકડાની માંગમાં વધારો થાય તેવા અણસાર છે. દિવાળીના તહેવારમાં નાનાં બાળકો માટે ચાંદલિયો ફેવરિટ આઈટમ છે, ચાર-પાચ દાયકા બાદ હવે ચાંદલિયાનો યુગ સમાપ્ત થયો છે. આ વખતે ચાંદલિયા બંધ થઈ ગયા છે તેના બદલે રિંગકેપ અને રોલનું ચલણ વધ્યું છે. આ ઉપરાંત શૂટરગન, ફ્લેશ લાઈટ, કેમેરા લાઈટ, મ્યુઝિકલ રોલ, પીકોક, પ્લેગન નામના ફટાકડા નવા જોવા મળશે.

બજારમાં બે હજાર જેટલાં અલગ અલગ ફટાકડાની આઈટમો આકાશી ફટાકડા ૪૫૦થી વધુ અને જમીની ફટાકડા ૨૫૦થી વધુ છે. અંદાજે ૨,૦૦૦થી વધુ અલગ અલગ ફટાકડા માર્કેટમાં મળી રહ્યા છે. નાના બાળકોને ફુલઝર, ફુવારા, જમીન ચકરી વધુ પસંદ હોય છે. ફુવારાના રૂ. ૪૦-૩૫૦, જમીન ચકરી રૂ. ૪૦-૪૫૦ ઉપલબ્ધ છે. સૌથી વધુ યુવાનો આકાશી ફટાકડા શોટ્સ ખરીદવાનું પસંદ કરે છે. જેમાં પચ્ચીસથી એક હજાર શોટ્સના ફટાકડા ઉપલબ્ધ છે. જે જમીન પરથી સીધા આકાશમાં જઈ ફૂટે છે અને આકાશને રંગીન બનાવી દે છે.

## અમેરિકાના આસિસ્ટન્ટ સેક્રેટરી ઓફ સ્ટેટ ડોનાલ્ડ લુ ભારત આવશે, 'ટુ પ્લસ ટૂ' મંત્રણા થશે

નવીદિલ્હી,

યુએસ આસિસ્ટન્ટ સેક્રેટરી ઓફ સ્ટેટ ડોનાલ્ડ લુ 'ટુ પ્લસ ટુ' મંત્રી સ્તરની બેઠકમાં ભાગ લેવા માટે આવતા અઠવાડિયે ભારતની મુલાકાત લેશે, જ્યાં તેઓ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ, સ્વચ્છ ઊર્જા અને સુરક્ષા સહયોગ પર વ્યૂહાત્મક સંકલન અંગે ચર્ચા કરશે.



સ્ટેટ ડિપાર્ટમેન્ટના નિવેદન અનુસાર, લુ ૪ થી ૧૧ નવેમ્બર સુધી કઝાકિસ્તાનથી શરૂ થઈને ભારતની મુલાકાતે આવશે, ત્યારબાદ તે ઉઝબેકિસ્તાન અને છેલ્લે ભારત જશે. નવી દિલ્હીમાં, લુ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ, સ્વચ્છ ઉર્જા અને સુરક્ષા સહયોગ પર વ્યૂહાત્મક સંકલન અંગે ચર્ચા કરવા યુએસ-ભારત '૨ ૨' મંત્રી સ્તરીય સંવાદ પહેલા ભાગીદારોને મળશે.

વિદેશ વિભાગે જણાવ્યું હતું કે 'ટુ પ્લસ ટુ' વાટાઘાટો દરમિયાન, સહાયક રાજ્ય સચિવ લુ, સંરક્ષણ અને સુરક્ષા, પ્રાદેશિક વિકાસ, ઉભરતી તકનીકો સહિતના વિવિધ મુદ્દાઓને આગળ વધારવા માટે રાજ્ય સચિવ એન્ટની બ્લિંકન અને સંરક્ષણ સચિવ લોયડ ઓસ્ટિન સાથે સહયોગ કરશે. અને સ્વચ્છ ઉર્જા અને અવકાશ ક્ષેત્રમાં સહકારનો સમાવેશ થાય છે.

લુ સપ્ટેમ્બરમાં યુએન જનરલ એસેમ્બલીની બાજુમાં પ્રથમ સીપ ૧ પ્રેસિડેન્શિયલ સમિટ અને ઓક્ટોબરમાં સંબંધિત મુદ્દાઓને આગળ વધારવા માટે C5 1 પ્રાદેશિક સંપર્ક મંત્રી સ્તરીય સમિટની સફળતાને આગળ વધારવા માટે મધ્ય પૂર્વ એશિયામાં યુએસ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે.

લુ અસ્તાનામાં કઝાકિસ્તાન સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરશે અને યુએસ-કઝાકિસ્તાન ઉન્નત વ્યૂહાત્મક ભાગીદારી સંવાદમાં ભાગ લેશે. ઈએસપીડી દરમિયાન, યુનાઈટેડ સ્ટેટ્સ અને કઝાકિસ્તાન રાજકીય અને સુરક્ષા સહયોગ, આર્થિક ભાગીદારી, માનવ અધિકારોનું રક્ષણ અને લોકો-થી-લોકોના સંબંધો સહિત પરસ્પર ચિંતાના મુદ્દાઓની શ્રેણી પર ચર્ચા કરશે. લુ તાશ્કંદમાં યુએસ-ઉઝબેકિસ્તાન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ડાયલોગ દરમિયાન યુએસ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે.

## સોમનાથે નિલાવુ કુડીચા સિંમ્હંગલ' પુસ્તકનું પ્રકાશન પરત ખેચ્યું

નવીદિલ્હી,

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના વડા એસ સોમનાથે પોતાની આત્મકથા 'નિલાવુ કુડીચા સિંમ્હંગલ'માં દાવો કરાયો હતો કે, ઈસરોના પૂર્વ ચીફ કે. સિવાને તેમના પ્રમોશનમાં અવરોધ ઉભો કર્યો હતો. જે બાદ આ મામલે વિવાદ શરૂ થયો હતો. ત્યારે આ સ્થિતિ વચ્ચે ઈસરોના પ્રમુખ એસ સોમનાથનું મહત્ત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. ઈસરોના ચીફ એસ સોમનાથે શનિવારે કહ્યું કે તેઓ તેમની આત્મકથા 'નિલાવુ કુડીચા સિંમ્હંગલ'નું પ્રકાશન પાછું ખેંચી રહ્યો છું.

સોમનાથે પુસ્તકમાં દાવો કર્યો હતો કે સિવાન ઈચ્છતા નહોતા કે હું ઈસરોનો પ્રમુખ બનું. આ આરોપ સોમનાથે તેમના જીવન પર આધારિત પુસ્તક 'નિલાવુ કુડીચા સિંમ્હંગલમાં લગાવ્યો હતો. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિએ કોઈ સંસ્થાનમાં સૌથી ઊંચા પદે રહેતી વખતે અનેક પડકારોનો સામનો કરવો પડે છે. મારી સામે પણ આવા પડકારો આવ્યા હતા. મેં મારા જીવનમાં આવેલા અનેક પડકારો વિશે ઉલ્લેખ કર્યો છે. કોઈના પર વ્યક્તિગત ટિપ્પણી નથી કરી. તે કોઈ એક વ્યક્તિ સામે નથી.

સોમનાથે કહ્યું હતું કે કોઈ પણ એક ઊંચા પદ માટે અનેક લોકો યોગ્ય હોય છે. હું બસ આ મુદ્દાને ઊઠાવી રહ્યો હતો. મેં કોઈ એક વ્યક્તિ સામે નિશાન તાક્યું નથી. જોકે, સોમનાથે એમ પણ કહ્યું કે, ચંદ્રયાન-૨ કેવી રીતે નિષ્ફળ ગયું? તેમણે કહ્યું કે ચંદ્રયાન-૨ મિશન ઉતાવળના ચક્કરમાં ફેલ થયું હતું કેમ કે તેને લઈને જેટલાં ટેસ્ટ કરવાની જરૂર હતી તે કરવામાં આવ્યા નહોતા.

## અમેરિકા, મ્યાનમાર આ વર્ષે મેઘાલયમાં ભારત સાથે સૈન્ય અભ્યાસ કરશે

શિલોંગ,

યુએસ અને મ્યાનમારની સેનાઓ આ મહિનાના અંતમાં અને ડિસેમ્બરમાં અનુક્રમે મેઘાલયના ઉમરોઈમાં ભારત સાથે સંયુક્ત કવાયત કરશે. એક સંરક્ષણ અધિકારીએ શનિવારે આ માહિતી આપી હતી. મલેશિયન આર્મી ગયા મહિનાથી 'ઉમરોઈ જોઈન્ટ ટ્રેનિંગ નોડ' ખાતે દ્વિપક્ષીય કવાયત કરી રહી છે. તે ભારતીય સેનાના પૂર્વીય કમાન્ડનું એકમાત્ર નિયુક્ત કેન્દ્ર છે. આ રીતે, આ સ્થાનને સતત ત્રણ મહિનામાં ત્રણ દેશો સાથે અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યું છે. સંરક્ષણ પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ મહેન્દ્ર રાવતે જણાવ્યું હતું કે ઓક્ટોબર ૨૦૧૭ માં તેની શરૂઆતથી, કેન્દ્રએ ભારત અને મલેશિયાની સેનાઓ વચ્ચે ચાલી રહેલા 'હરિમાઉ શક્તિ અભ્યાસ, ૨૦૨૩' સહિત વિવિધ દેશો સાથે આઠ સંયુક્ત કવાયતનું આયોજન કર્યું છે. તેમણે કહ્યું, "ભારતીય સેના વિવિધ સ્થળોએ ૨૨ મિત્ર દેશો સાથે ૩૬ સંયુક્ત કવાયત કરીને સંરક્ષણ સહયોગના ક્ષેત્રમાં સકારાત્મક રીતે આગળ વધી રહી છે. ઉમરોઈ ખાતેના તાલીમ કેન્દ્રમાં અત્યાર સુધીમાં છ દેશોના કર્મચારીઓને હોસ્ટ કરવામાં આવ્યા છે. ૨૦૧૭માં બાંગ્લાદેશી સેના સાથે અહીં પ્રથમ દ્વિપક્ષીય કવાયત હાથ ધરવામાં આવી હતી. આવી કવાયત માટે ઉમરોઈ કેન્ટોનમેન્ટની મુલાકાત લેતા અન્ય દેશોના સૈન્ય કર્મચારીઓ મ્યાનમાર, થાઈલેન્ડ, ચીન, કઝાકિસ્તાન અને મલેશિયાના છે. યુએસ સાથે સંયુક્ત કવાયત આ મહિને પ્રસ્તાવિત છે, જ્યારે મ્યાનમારના લશ્કરી જવાનો ડિસેમ્બરમાં બીજી વખત અહીં તાલીમમાં ભાગ લેશે. હાલમાં ચાલી રહેલા હરિમાઉ શક્તિ કવાયત ૨૦૨૩ની વિગતો શેર કરતાં લેફ્ટનન્ટ કર્નલ રાવતે જણાવ્યું હતું કે મલેશિયાની ટુકડીમાં પાંચમી રોયલ બટાલિયનના સૈનિકોનો સમાવેશ થાય છે, જ્યારે ભારતીય ટુકડીનું પ્રતિનિધિત્વ રાજપૂત રેજિમેન્ટ કરે છે.


અભિનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

સાલીયા સેવા સહકારી મંડળી

તરફથી અભિનંદન....

મુ. સાલીયા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ




**નિમણૂંક કરેલ છે**

ખેડા જીલ્લાના તાલુકા અને ગામની સમસ્યા, સમાચારો લોક પ્રશ્નોને વાંચા આપવા તથા આપના વ્યવસાયના વિકાસ માટે ટચુકડી જાહેરાત, ડિસ્પલે જાહેરાત તથા શ્રદ્ધાંજલી, બેસણું જાહેરાત, અભિનંદન તેમજ જાહેર આભાર જાહેરાત તેમજ કોર્ટ નોટીસ, જાહેર નોટીસ વિગેરે જાહેરાત આપવા માટે સંપર્ક કરવા તથા કોઈ પણ સમસ્યાઓ તથા આપના વિસ્તારના સદ્દકાર્યોના સમાચાર પ્રસિધ્ધ કરવા માટે સંપર્ક કરવા વિનંતી છે.



બ્યુરો ચીફ,
જીતેશકુમાર સેવક(જીતુભાઈ)
મો.૮૧૨૮૪૩૩૨૫૦





# ડેડીયાપાડના ધારાસભ્ય સામે ફરિયાદ નોંધાતા જીલ્લાના આમ પાર્ટી દ્વારા જીલ્લા કલેકટરને આવેદનપત્ર



લુણાવાડા,
આમ આદમી પાર્ટીના દેડીયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં મહીંસાગર જીલ્લા કલેક્ટર કચેરી ખાતે આમ આદમી પાર્ટીના હોદેદારો અને કાર્યકરોએ મુખ્યમંત્રીને અનુલક્ષીને જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા સ્થાનિક ફોરેસ્ટના બે કર્મચારીઓ સાથે મારામારી કરીને ધાક ધમકી આપ્યા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. જે સંદર્ભમાં ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ તેની ધરપકડ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેને લઈ મહીંસાગર જીલ્લા આમ આદમી પાર્ટીના સમર્થકો દ્વારા વિરોધ નોંધાવાયો હતો અને કલેક્ટર કચેરીમાં આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રના માદયમથી આદિવાસી સમાજના યુવા નેતા અને ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાનાના વિરૂદ્ધ કરાયેલ ખોટા કેસમાં તત્કાલિક દરમિયાનગીરી કેસ રદબાતલ કરવાની માંગ કરવામાં આવી હતી. જેમા સ્ટેટના હોદ્દેદારો તેમજ જીલ્લા પ્રમુખ અને તાલુકા પ્રમુખ તેમજ મહિસાગર જીલ્લાના હોદ્દેદારો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

# મધવાસ નવસર્જન હાઈસ્કૂલમાં પ્રાથમિક વિભાગના બાળકોને સ્કૂલ બેગનું વિતરણ



લુણાવાડા,
મહીસાગર જીલ્લાના મધવાસ ખાતે આવેલ નવસર્જન હાઈસ્કૂલમાં જીલ્લા શિક્ષણાધિકારી ડો.અવનીબા મોરીની પ્રેરણાથી શાળાના આચાર્ય વિપુલભાઈના સૌજન્યથી શાળાના પ્રાથમિક વિભાગના તમામ બાળકોને સ્કૂલબેગ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે શાળાના બાળકોમાં એક અનેરા ઉલ્લાસનું વાતાવરણ સર્જાયું હતું. જીલ્લા શિક્ષણાધિકારીએ શાળામાં થતી વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી શાળા પરિવાર દ્વારા સહયોગ સાથે સેવાભાવના આવા કાર્યક્રમો શિક્ષણ જગત અને સમાજ માટે પ્રેરણા રૂપ હોય છે, તેમ જણાવી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પૂર્વ ધારાસભ્ય હીરાભાઈ પટેલ શાળાના ટ્રસ્ટી પી.એસ પટેલ મંત્રી ચેતનભાઈ, પૂર્વ આચાર્યો,શિક્ષણ નિરીક્ષક સુનિલ પારગી, પૂર્વ આચાર્ય સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ, મહીસાગર જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શશીકાંતભાઈ, સમાજના શ્રેષ્ઠીઓ, મંડળના હોદ્દેદારો તેમજ કારોબારી સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના ક્લાર્ક અને મહિસાગર જીલ્લા વહીવટી સંઘના મંત્રી રજનીભાઈ દ્વારા આગામી વર્ષે ધોરણ ૯ માં પ્રવેશ લેતા તમામ બાળકોને સ્કૂલબેગ વિતરણની જાહેરાત કરવામાં આવી હતી.

જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોએ પ્રાર્થના અને સ્વાગત ગીતમાં ભાગ લેનાર બાલિકાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરી હતી. શાળા પરિવારે ભારે જહેમતથી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સંતરામપુર તાલુકામાં ટેકાના ભાવે ડાંગર ખરીદી શરૂ થવા છતાં ઓછા ભાવે બજારમાં ડાંગર વેચાણની તપાસ જરૂરી



સંતરામપુર,
ગુજરાત સરકારના ટેકાના ભાવે ડાંગર ખરીદવાની શરૂ કરાઈ છે. સંતરામપુર તાલુકાના ગુજરાત સરકારના ટેકાના ભાવે ડાંગર ખરીદવા માટે સરકાર દ્વારા ખેડૂતને તેનો ભાવ સારો મળી રહે તેના હેતુથી ડાંગર ખરીદવાનું શરૂ કરવામાં આવેલું હતું. આ વખતે એક સંતરામપુર તાલુકાના ખેડૂતોએ ૨૧૯૪ ઓનલાઈન નોંધણી નોંધાવી છે. સંતરામપુર એફસીઆઇ ગોડાઉનમાં ખેડૂતોએ ડાંગર આપવાનું પણ કામગીરી ચાલુ કરી દીધેલી હતી, ત્યારે ૩૬૭૨ કટ્ટા ચાર જ દિવસમાં ડાંગર આવી ગયેલી જોવા મળેલી છે. ૧૨૮ ટન ખેડૂતોએ ટેકાના ભાવે ડાંગર આપી હતી. શરૂઆતના ચાર જ દિવસમાં જ ડાંગર આપવાનું કામગીરી હાથ ધરવામાં આવેલી છે, પરંતુ ગત વર્ષે સંતરામપુર તાલુકામાં જેટલી ખેડૂતો પાસે ડાંગરનો પાક ન હતો. તેના કરતાં વધુ ડાંગર જોવા મળી આવેલી હતી. સરકાર દ્વારા નાના ખેડૂતોને પાક સારો મળી રહે સરકારે ટેકાનો ભાવ જાહેર કર્યો હતો, પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં કેટલાક ખેડૂતો અને વેપારીઓને ડાંગર સાથે આપીને લાભ લેતા હોય છે ૪૩૬ ભાવ છે. ત્યારે બજારમાં માર્કેટમાં ૩૦૦ રૂપિયા ભાવ રહેતો હોય છે. નાના ખેડૂતો ન્યાય મળી રહે તેવા હેતુથી ડાંગર આપતી વગેરે તંત્ર દ્વારા સંપૂર્ણ ચકાસણી કરવામાં આવે તે પણ જરૂરી છે.

# સંતરામપુર તાલુકાના ભમરી ગામ ખાતે સંવાદ કાર્યક્રમ યોજાયો



સંતરામપુર,
ગામના લોકો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સરકાર વચ્ચે વિકાસના પ્રશ્નો બાબતે ચર્ચા થઈ શકે તે માટે દર વર્ષે ગ્રામ સંવાદ કાર્યક્રમ યોજવામાં આવે છે સરકારના વિભાગો અને ગામના લોકો અને ચૂંટાયેલા પદાધિકારીઓ વચ્ચે અને પરસ્પર સમજૂતીથી આયોજન થાય તે માટેનો છે.

ગુજરાત રાજ્યના શિક્ષણ અને આદિવાસી મંત્રી કુબેરભાઈ ડિંડોરની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સંતરામપુર અને કડાણાના ૯૦ ગામો માંથી આશરે ૨૫૦૦ જેટલો માનવ સમુદાય એકત્રિત થયો હતો. વિવિધ સરકારી વિભાગો, આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, પંચામૃત ડેરી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત વિવિધ યોજનાઓના સ્ટોલ યોજવામાં આવ્યા હતા. કચ્છ જીલ્લામાં કુનરીયા ગ્રામ પંચાયતમાં બાલિકા પંચાયતની રચના કરવામાં આવેલ છે. આ બાલિકા પંચાયતના સરપંચ ભારતીબેન હાજર રહ્યા હતા. જેઓ એ મહિલાઓને મીટિંગમાં જવા માટે અને ગ્રામ સભામાં ભાગ લેવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. રાજ્ય મંત્રી કુબેરભાઈ ડીંડોર દ્વારા ગામના લોકોને જૂની પરંપરાગત ખેતી કરવા માટે અને જંગલ અને ખેતીની જમીનની ફળદ્રુપતા જાળવવા આગ્રહ કર્યો હતો સંતરામપુરના ગામોની મહિલાઓ દ્વારા જંગલ જમીન ઉપર સમુદાયિક વન અધિકાર અંતર્ગત તૈયાર કરેલ દસ્તાવેજો અને પીવાના પાણી બાબતે પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી.

સંવાદમાં જુદા જુદા વિષયોના કુલ ૨૨ સ્ટોલ રાખવામાં આવ્યા હતા. જેમાં ગામમાં વિવિધલક્ષી પ્રશ્નોનોનાં નિકાલ લાવવા, સર્વાંગી વિકાસ માટેના લોક સહભાગીદારી સાથે ગ્રામ પંચાયત વિકાસ આયોજન કેવીરીતે બનાવવું, સરકારની વિવિધ યોજનાઓ, ખાસ કરીને મહિલાલક્ષી યોજનાઓ, સામુહિક વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ તેમાં મહિલાઓની ભાગદારી વધારવી, સુધારેલ બિયારણ, જીવામૃત, બીજમૃત, વર્મી કમ્પોસ્ટ ખાતર, અજોલા, મલ્ચીંગ તથા વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને સજીવ ખેતીના ફાયદા, બાળકો, કિશોરી, સગર્ભા અને ધાત્રી માતાઓનું આરોગ્ય અને પોષણયુક્ત આહાર, શિરોહી બકરાના પાલન દ્વારા આવક વધારવી, પાણીનું સામુહિક વ્યવસ્થાપન કરી ભૂગર્ભ સ્તર ઊંચું લાવી તેના વ્યવસ્થાપન દ્વારા ટકાઉ આજીવિકા સુનિશ્ચિત કરવી જેવા જુદા જુદા વિષયો અંગે લોકોને માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# અમેરિકામાં ફરી એકવાર ગુજરાતી પર હુમલો : ઘરની બહાર જ યુવક પર ફાયરિંગ કરાયું

ખેડા,
ફરી અમેરિકામાં ગુજરાતીને ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. અમેરિકામાં ગુજરાતી યુવાન પર ફાયરિંગની ઘટના બની છે. નડિયાદના ઉજાસ મેનગર નામના યુવાન પર લૂંટના ઈરાદે હુમલો કરાયો હતો. ખેડાના યુવક પર ગોળીબાર થતા તે ગંભીર રીતે ઘાયલ થયો છે. હાલ તે અમેરિકામાં સારવાર હેઠળ છે. અમેરિકાની ધરતી પર ફરી એકવાર ભારતીયોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યાં છે. નડિયાદના ઉજાસ મેનગર નામના યુવક ઉપર અમેરિકાના નોર્થ કોરોલીના સ્ટેટમાં હુમલો થયો હતો. લૂંટના ઈરાદે અજાણ્યા વ્યક્તિએ ગ્રીન બોરો સિટીમાં રહેતા ઉજાસ ઉપર ગોળીબાર કર્યો હતો. ગ્રીન બોરો સિટીમાં ઉજાસના ઘરની બહાર જ અજાણ્યા વ્યક્તિએ લૂંટના ઈરાદે ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં ઉજાસના પેટના ભાગે ગોળી વાગતા હોસ્પિટલ સારવાર માટે ખસેડાયો હતો. ઘાયલ ઉજાસની હાલ હોસ્પિટલમાં આઈસીયુમાં સારવાર ચાલી રહી છે. ઉજાસનો પરિવાર ઘણા સમયથી અમેરિકામાં સ્થાયી થયો છે. ઉજાસ વોલ્વો ટ્રક કંપનીમાં પ્રોડક્ટ મેનેજર તરીકે નોકરી કરે છે. ત્યારે ઉજાસ પર થયેલી આ ઘટનાથી તેનો પરિવારમાં શોકમાં ગરકાવ થયો છે. તો બીજી તરફ અમેરિકા પોલીસ લૂંટારુંઓને શોધવા કામગીરી કરી રહી છે.

# ખાનપુર તાલુકામાં CCTV કેમેરાથી સજ્જ પ્રથમ ગામ બન્યું : ૯ સ્થળોએ કેમેરા લાગ્યા

ખાનપુર,
મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકામાં વાવ્યો ગામ સીસીટીવી કેમેરાની સુરક્ષાવાળુ પ્રથમ ગામ બન્યું છે. મૈચાપુર ગ્રામ પંચાયત દ્વારા ગામના જાહેર વિસ્તાર અને જાહેર માર્ગો પણ ૯ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.

લીંબડીયા ચોકડીથી માત્ર ૮ કિલોમીટરના અંતરે આવેલા અને આશરે ૬૦૦ ની વસ્તી ધરાવતુ વાવ્યો ગામના લોકો પશુપાલન અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગામના પશુપાલકોને સવાર–સાંજ ખેતરોમાં એકલદોકલ જવાનું હોય છે. ત્યારે બહેન–દિકરીઓની સલામતી તેમજ ચોરી સહિતના બનાવોને રોકવા માટે મૈચાપુર ગ્રામ પંચાયત દ્વારા ગામમાં સીસીટીવી લગાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જોકે, ગામના સરપંચ દીપકભાઈ જગન્નાથ પંડ્યા તેમની આગવી કોઠાસૂજને લઈ એક લાખ રૂપિયાના સ્વભંડોળથી ગામના તમામ પ્રવેશદ્વાર જાહેર વિસ્તાર અને જાહેર માર્ગો પર ત્રીજી આંખ સમાન ૯ સીસીટીવી કેમેરાની સુરક્ષા ગોઠવવામાં આવી છે. જોકે, સીસીટીવીનું સીધું કનેક્શન વાવ્યો દૂધ ઉત્પાદક સહકારી મંડળી સાથે જોડવામાં આવ્યું છે અને તેનુ સંચાલન કરવામાં આવે છે. ગામના તમામ પ્રવેશદ્વાર જાહેર વિસ્તાર અને જાહેર માર્ગોની બન્ને સાઈડે ચોમાસાની ઋતુ દરમિયાન ઉગી નીકળેલા ઘાસ અને ઝાળી ઝાંખરા હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી.

# શિક્ષક કભી સાધારણ નહીં હોતા - શિક્ષક પુત્રના મિત્રએ જ શિક્ષક દંપતિ સાથે છેતરપિંડી કરતા ડાકોર પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

- પારકા એ પારકા ! પિત્તળને કયારેય સોનું સમજી દાગીના ઘડાવી શકાય નહી.
- નિવૃત્ત જીવન રણછોડજીની ભૂમિમાં વિતાવવાના સ્વપ્ન ચકનાચૂર થતા શિક્ષક દંપતિ શોકમગ્ન.
- મિત્રતા કરતા પહેલા સો વખત વિચારવું તેવો બોધપાઠ સામે આપતો કિસ્સો.

ડાકોર,
ખેડા જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં રહેતા શિક્ષક દંપતિ સાથે પોતાના પુત્રના મિત્રએ જ છેતરપિંડી કરી રૂ.૩૬.૯૨ લાખની રકમ ચાંઉ કરી લેતાં સમગ્ર મામલો ટોક ઓફ ધ ટાઉન બનેલ છે.

બનાવની મળતી માહિતી મુજબ હાલમાં ડાકોરમાં રહેતા અને કપડવંજની સી.એન. વિદ્યાલય માંથી માનસિંહભાઈ ખાલપાભાઈ ચૌધરી નિવૃત શિક્ષક છે. તેમના પત્ની રમીલાબેન પણ ડાકોરની ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા. ડાકોર ભગવાન રાજાધિરાજ રણછોડરાયજીની પવિત્ર ભૂમિ હોઈ આ બંને શિક્ષક દંપતિ પોતાનું નિવૃત્ત જીવન રણછોડરાયની ભૂમિમાં વિતાવી પ્રભુકૃપા મેળવવાના અરમાની સાથે ડાકોરની બળદેવપાર્ક સોસાયટમાં રહેવા આવ્યા હતા.

અમારા પ્રતિનિધિ જીતુભાઈ સેવકને રૂબરૂ મુલાકાતમાં તેઓએ પોતાની આપવીતિ રજુ કરતા ભાવુક થઈ ગયેલા હતા. તેઓએ જણાવ્યું કે, અમારા પુત્ર ભાવિનભાઈને વર્ષ–૨૦૧૪માં કોલેજની પરીક્ષા દરમ્યાન બોરસદના ખાસીવાડી બાર વિસ્તારમાં રહેતા મનિષ કિરણભાઈ ક્રિશ્ચયન સાથે મિત્રતા થઈ હતી. ધીમે ધીમે મિત્રતા ગાઢ બનતા મનીષના શિક્ષક પરિવાર સાથે પારિવારીક સંબંધો બન્યા હતા. શિક્ષક દંપતિ પોતાના પુત્ર ભાવિનની જે જ મનિષને પણ પોતાના પુત્ર સમાન માનતા હતા. પરંતુ કહેવાય છે કે, પારકા કદી પોતાના થતા નથી, તે રીતે મનિષે શિક્ષક દંપતિને છેતરતા પરિવાર પણ જાણે આભ તુટી પડયું છે. પોતાના પુત્રને વિદેશ મોકલી મનિષની સાથે કેનેડા મોકલવાના સ્વપ્ન જોતા પરિવારના સ્વપ્ન રોળાઈ ગયા છે.

નિવૃત્ત શિક્ષક માનસિંહભાઈ ચૌધરીની પત્ની ગત તા.૩૧–૧૦–૨૦૨૧ના રોજ નિવૃત્ત થયા હતા.તેઓએ વર્ષ ૨૦૧૭માં પોતાને ઉચ્ચત્તમ પગાર ધોરણ માટે ફાઈલ જીલ્લા કચેરી અને શાળા કમિશ્નર કચેરી ગાંધીનગર મોકલી હતી પરંતુ ઘણો સમય વિતવા છતાં કોઈ કામ ન થતા તેઓ ચિંતામાં હતાં. આ વાતની જાણ મનિષ ક્રિશ્ચયનને થતાં તેણે દંપતિને ગાંધીનગરમાં મારી મોટી ઓળખાણ છે. તમારું કામ હું કરી આપીશ તેવો વિશ્વાસ આપતા શિક્ષક દંપતિ જેને પોતાના પુત્ર સમાન માનતા હતા. તે મનિષને આ કામ આપ્યું હતું. આ કામ પેટે મનિષે શિક્ષક દંપતિ પાસેથી તા.૭–૪–૨૦૧૮ થી તા.૨૧–૮–૨૦૨૧ સુધીના વર્ષોમાં રૂા.૧૧.૧૨ લાખ વાતોમાં ભોળવી પડાવી લીધા હતા. શિક્ષક રમીલાબેનને ગ્રેજયુટી રૂા.૧૪.૨૫ લાખ અને મૂડીકૃત રૂપાતંરની રકમ રૂા. ૧૬.૩૧ લાખ મળી રૂા.૩૦.૫૬ લાખ તા. ૧૮–૧–૨૦૨૨ના રોજ તેમના બેંક એકાઉન્ટમાં જમા થયા હતા.

જેની જાણ મનિષને થઈ હતી. જેથી મનિષે આ ભોળા દંપતિના ભોળપણનો લાભ લઈ મિત્રતાની આડમાં રાતોરાત લખપતિ થવાની તરકીબો રચી હતી. પોતાની વાકછટાથી મનિષે દંપતિને લુંટવાનો મનસુબો ઘડી કાઢી આ દંપતિને તરમને રૂા.૧૪.૨૫ લાખ ભૂલથી મળ્યા છે અને તે નાણાં સરકાર રિકવર કરી લેશે તો તમારે તકલીફ પડશે. જેથી આબરૂ ન જાયફ તે બીકે દંપતિએ રૂા.૧૪.૨૫ લાખ પરત કરવા મનિષે સજાવ્યું હતું કે, તમે આ નાણાં પરત કરશો તો રૂા.૨૨ લાખ રિવાઈઝ પેન્શન મળશે. મનિષે નાણાં પરત મેળવી લઈ ગાંધીનગર કચેરીના એક પત્ર આપ્યો હતો. જેમાં રમીલાબેનને ઉદ્દેશીને જણાવેલ કે, તમારા રૂા.૧૪ લાખ પરત મળી ગયેલ છે. ભવિષ્યમાં તમારા કોઈ લેણા બાકી રહેતા નથી. તમારું રિવાઈઝ પેન્શન ૨૨ લાખ આ કચેરી આપવા બંધાયેલ છે.

પોતાને રિવાઈઝ પેન્શન મળશે તેવી આશામાં વર્ષો વિતતા માનસિંહભાઈ ચૌધરી ટ્રેઝરી કચેરી નડિયાદ ખાતે રૂબરૂ રજુઆત કરવા ગયા હતા. જયાં આ પત્ર બતાવતા અધિકારીઓએ આ પત્ર ખોટો હોવાનું કહેતા જ તેઓના હોશકોશ ઉડી ગયા હતા. તેમના પગ નીચેથી ધરતી ખસી ગઈ હોય તેવા શોકમગ્ન મને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું ધ્યાને આવતા માનસિંહભાઈ ડાકોર પોલીસ સ્ટેશને મનિષકુમાર કિરણભાઈ ક્રિશ્ચયન સામે ગુનો નોંધાવ્યો છે. હાલમાં તો આ ગુનો ટોક ઓફ ધ ટાઉન બનેલ છે. આ અંગે વધુ માહિતી અમારા પ્રતિનિધિએ મેળવતા શિક્ષક દંપતિ પાસેથી મનિષે ૨૦૨૦માં કેનેડા જવા બેંક બેલેન્સ બતાવવાના બ્હાને રૂા.૮ લાખ પણ પડાવ્યા હોવાનું જણાવ્યું હતું અને મનિષે ફકત રૂા. ૫ લાખ જ પરત કર્યા હતા.

આ અંગે ડાકોર પોલીસે મનિષ સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ઠાસરા તાલુકાના સૂઈ ગામના તલાટી સામે અગાઉની ફાગવેલ ગામની ખોટી પેઢીનામું બનાવવા સબબની ફરિયાદ થતા ફરજ મોકુફ કરવામાં આવ્યા

ડાકોર,
ઠાસરા તાલુકામાં આવેલ સૂઈ ગ્રામ પંચાયત ખાતે મુકેશભાઈ ડામોર ફરજ બજાવતા હતા. આ મુકેશભાઈ અગાઉ ફાગવેલ ગામે તલાટીની ફરજ બજાતા હતા. પરંતુ તેઓએ પોતાની ફરજ દરમ્યાન વર્ષ ૨૦૨૨માં ફાગવેલ ગામની સીમની જમીન બાબતે મહેશભાઈ ઈશ્વરલાલ જોષીને પેઢીનામું બનાવી આપ્યું હતું.

જે મુજબ માલિક સોમાભાઈ ભયજીભાઈ જોષીની ખોટી મરણ તા.૨૩–૧૨–૭૫ દર્શાવી ઓમાભાઈ જોષીના બદલે સોમાભાઈ શંકરભાઈના નામના ખોટા દાખલા તથા સોમાભાઈ પોતાના કાકા હોવાનું દર્શાવી ખોટું સોગંદનામું તથા ખોટું પેઢીનામું બનાવીને મામલતદાર કચેરી કઠલાલમાં રજુ કરી જમીનમાં સીધી લીટીના વારસદાર બની ગયા હતા. આ અંગે નરસિંહભાઈ સોમાભાઈ જોષીને જાણ થતા તેઓએ સદર હું મહેશભાઈ જોષી તથા જે તે વખતના તલાટી મુકેશભાઈ ડામોર વિરૂદ્ધ કઠલાલ પોલીસ સ્ટેશને ફરિયાદ કરી હતી. આ ફરિયાદ સંદર્ભે પોલીસ દ્વારા તા.૨૨/૧૦/૨૦૨૩ના રોજ મુકેશભાઈ ડામોરને અટક કરી કોર્ટમાં રજુ કર્યા હતા. સરકારી વકીલની ધારદાર દલીલોને ધ્યાને લઈ નામદાર કોર્ટ દ્વારા આરોપીને બિલોદરા જેલમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ અંગે ટી.ડી.ઓ. ઠાસરા અને ટી.ડી.ઓ. કઠલાલ દ્વારા જીલ્લા વિકાસ અધિકારીને જાણ કરાતા ગુનામાં સંડોવાયેલ મુકેશભાઈ ડામોરને પોતાની હાલની ઠાસરા તાલુકાના સૂઈ ગ્રામ પંચાયતની તલાટી તરીકેની ફરજ માંથી દુર કરી ફરજ મોકુફ કરવાનો હુકમ કરવામાં આવતાં ઠાસરા તાલુકાના તલાટીઓમાં સોપો પડી ગયેલ છે. એક તરફ ઠાસરા તાલુકામાં તલાટીઓનું મહેકમ ઓછું છે અને એક તલાટી ફરજ મોકુફ જતા નાગરિકોને હાલાકીના ભોગવવી પડે તે માટેના પગલા લેવા સરકારી તંત્ર યોગ્ય કરે તે જરૂરી છે

# દર્દી નારાયણની સેવાના ઉદ્દેશ સાથે ભાનેર ગામે સત્વ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ દ્વારા ફ્રિ મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન : વિના મુલ્યે દવાઓનું વિતરણ

ડાકોર,
કઠલાલ તાલુકાના ભાનેર ગામે સત્વ મલ્ટીસ્પેશયાલીટી હોસ્પિટલ દ્વારા ફ્રી મેડિકલ કેમ્પ કરી સમાજ સેવાનું સુંદર ઉદાહરણ પુરૂ પાડવામાં આવેલ છે.

પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં કઠલાલ તાલુકાના ભાનેર ગામે સત્વ મલ્ટી સ્પેશયાલીટી હોસ્પિટલ દ્વારા ફ્રિ મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. જેનો મોટી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો હતો.

હાલમાં હોસ્પિટલો દ્વારા દર્દીઓના ખિસ્સા ખાલી કરવાના કિસ્સા વધી રહ્યા છે. ત્યારે સત્વ હોસ્પિટલ દ્વારા ફ્રિ મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરી સમાજ સેવાની સફરમાં પોતાના નિષ્ણાંત ઓર્થોપિડિક સર્જન, ગાયનેક ડાંકટર્સ તથા ફિજીશીયન ડોકટર્સ દ્વારા દર્દી નારાયણની સેવા અર્થે કેમ્પમાં યોગ્ય માર્ગદર્શન અપાયું હતું. જેનો અસંખ્ય લોકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં ચેકઅપ બાદ દર્દીઓને વિનામુલ્યે જરૂરી દવાઓ આપવામાં આવી હતી. જે સરાહનીય છે.

આ કેમ્પમાં ડાં. ગીતા રાઠોડ, ડાં. કુશલ સુથાર, ડાં.ચિરાગ પટેલ તેમજ સત્વ મલ્ટીસ્પેશયાલીટી હોસ્પિટલના ૧૫ થી વધુ વ્યકિતઓ દ્વારા પોતાની સેવાઓ અપાઈ હતી.

આ પ્રસંગે ભાનેર ગામના સરપંચ સુધાબેન સોલંકી દ્વારા કેમ્પને સફળ બનાવવા પ્રયત્નો કર્યા હતા અને પોતાના ગામમાં આ કેમ્પનું આયોજન કરનાર સત્વ મલ્ટીસ્પેશયાલીટી હોસ્પિટલના મેનેજમેન્ટનો આભાર વ્યકત કર્યો હતો.

**મહીસાગર જીલ્લા ના લુણાવાડા તાલુકા માં મલેકપૂર અને લુણાવાડા માં ''શ્રીજી કિલનિક'' ધરવાતા ડો.રાકેશ જે પટેલ છેલ્લા ૨૦ વર્ષ થી વિવિધ પ્રકારના રોગો જેવા કે પથરી, હરસ, મસા, ભગંદર, શ્વાસ, કફ, દમ, સાંધાના દુઃખાવા, ચામડીના રોગો, ડાયાબીટીસ, થયરોઈડ, બીપી વગેરે રોગોમાં હોમિયોપથી સારવાર દ્વારા સંખ્યાબંધ દર્દીઓને રોગમુકત કર્યા છે. તેમના આ**



**ભગીરથ કાર્યની નોંધ. ''વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકોર્ડ '' તેમની કામગીરીને બિરદાવેલ છે. જે બાબતે સમગ્ર મહીસાગર જીલ્લા માટે આનંદ અને ગૌરવની વાત છે.**

# કોફી વીથ ડી.ડી.ઓ. કાર્યક્રમથી સરપંચો અને તલાટીઓમાં ખુશીની લહેર

ડાકોર,
ખેડા જીલ્લામાં હાલમાં જીલ્લા વિકાસ અધિકારી તરીકે શિવાની ગોયલ ફરજ બજાવે છે. તેઓના દ્વારા પ્રજાલક્ષી અભિગમ અપનાવી આમ પ્રજામાં સરકારી લાભો પહોંચે અને નાગરિકો પોતાની ફરજો પ્રત્યે સભાન બનશે તે માટે અર્થાક પ્રયત્નો કરવામાં આવે છે. આવા કાર્યક્રમના ભાગરૂપે તેઓ દ્વારા ''કોફી વીથ ડી.ડી.ઓ.'' શરૂ કરાયો છે. તાજેતરમાં તેઓ દ્વારા ખેડા જીલ્લાના ૩૧ ગામોના સરપંચોને કોફી માટે આમંત્રિત કર્યા હતા. આ કાર્યક્રમમાં તેઓએ સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સ્વચ્છતા, પાણી, ગટર વ્યવસ્થા, ઘન અને પ્રવાહી કચરાંના નિકાલની કામગીરી, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, મનરેગા પ્લાસ્ટીક મુક્ત પંચાયત, સફાઈ કર્મી ઉત્કર્ષ અને વૃક્ષારોપણ સહિતના ગ્રામ વિકાસના મુદ્દાઓ અંગે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. તેમજ હાજર સરપંચો તથા તલાટીઓના સૂચનો સ્વીકાર્યા હતા. તેમજ અલગ અલગ ગ્રામ પંચાયતો દ્વારા થતી કામગીરી સમીક્ષા કરી હતી.

આ કાર્યક્રમમા હાજર સરપંચો તલાટીઓમાં સુંદર માર્ગદર્શન મળતા ખુશીની લહેર જોવા મળી હતી.

# આપની આજ.......

મેષ : લોકોમાં દાનની ભાવના વિકાસ કરશે. તમે ધાર્મિક વિધિઓમાં રસ લઈને સંપૂર્ણ સહકાર આપશો. ભાગ્ય તરફથી પણ તમને પૂરો સહયોગ મળશે. આર્થિક સ્થિતિ મજબૂત રહેશે.

વૃષભ : સરકાર દ્વારા આજે તમારું સન્માન થવાની સંભાવના છે. જો તમારે કોઈપણ વ્યક્તિ પાસેથી ઉધાર લેવાની ઈચ્છા હોય તો તે ટાળવું વધુ સારું છે. આજે જૂના મિત્રોનો સહયોગ મળશે અને સારા મિત્રોમાં પણ વધારો થશે.

મિથુન : મન આજે પરેશાન રહેશે. આજે વેપારમાં વૃદ્ધિ માટે કરવામાં આવેલા પ્રયત્નો નિરર્થક હોઈ શકે છે. પરંતુ સાંજ સુધી તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મન બાજુ જીતવા માટે સક્ષમ હશો.

કર્ક : આજે ખૂબ વ્યસ્ત રહેશે. પરંતુ ભાગદોડમાં સાવચેત રહો. પગમાં ઈજા થવાનો ભય છે. તમારી નિર્ણયની ક્ષમતાઓનો લાભ તમને આજે મળી શકે છે. પેન્ડિંગ કામો આજે પૂર્ણ થશે. જો તમારે કોઈ કામમાં બદલાવ કરવો હોય તો તે ખુલ્લેઆમ કરો, તમને પછીથી તેનો સંપૂર્ણ લાભ મળશે.

સિંહ : આજનો દિવસ ખૂબ જ શુભ છે. આજે તમને કિંમતી વસ્તુઓ મળી શકે છે. પરંતુ આ સાથે કેટલાંક બિનજરૂરી ખર્ચા પણ સામે આવશે, જેની ઈચ્છા ના હોય તો પણ મજબૂરી હેઠળ કરવા પડશે.

કન્યા : આજે બિનજરૂરી ખર્ચ ટાળવો જોઈએ. જો તમે કોઈ શારીરિક રોગથી પીડિત છો તો આજે પીડામાં વધારો થઈ શકે છે. આજે સામાજિક કાર્યોમાં વિક્ષેપ રહેશે. અચાનક મળેલા ફાયદાના કારણે ધર્મ પ્રત્યે તમારી રુચિ વધશે.

તુલા : દિવસ સમજદારીથી નવી શોધ કરવામાં પસાર થશે. તમે મર્યાદિત અને ફક્ત જરૂરિયાત મુજબ જ ખર્ચ કરો છો. તમારા પરિવારના સભ્યો દ્વારા તમારી સાથે દગો થાય તેવી સંભાવના છે.

વૃશ્ચિક : ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. તમારી મહેનત શુભ ફળ આપશે. તમારા બાળક પ્રત્યેની તમારી શ્રદ્ધા વધુ મજબૂત થશે. આજે મોસાળ તરફથી પ્રેમ અને વિશેષ સહયોગ મળવાની સંભાવના છે.

ધન : દિવસ શુભ દિવસ છે. હક અને સંપત્તિમાં વધારો થશે. આજે તમે બીજાના કલ્યાણનો વિચાર કરશો અને હૃદયથી સેવા પણ કરશો. જો તમારે આજે નવા કાર્યોમાં રોકાણ કરવું હોય તો તે શુભ રહેશે.

મકર : આજે સામાજિક સન્માનને કારણે તમારું મનોબળ વધશે. આજે પુત્ર-પુત્રીને લગતા કોઈ વિવાદનું સમાધાન થશે. ખુશ વ્યક્તિત્વ હોવાથી અન્ય લોકો તમારી સાથે સંબંધ રાખવાનો પ્રયત્ન કરશે.

કુંભ : આજે મિશ્રિત દિવસ છે. માનસિક અશાંતિ, ઉદાસીના કારણે તમે ભટકાઈ શકો છો. માતા-પિતાના સહયોગ અને આશીર્વાદથી દિવસની શરૂઆતમાં રાહત મળશે. આજે સાસરાવાળા તરફથી નારાજગીના સંકેત મળશે.

મીન : નિર્ભયતાની ભાવના રહેશે અને હિંમત સાથે તેમના મુશ્કેલ કાર્યો પૂર્ણ કરવામાં સમર્થ હશો. તમારા માતા-પિતા તરફથી તમને ખૂબ ખુશી અને સહયોગ મળશે. શારીરિક પીડાના કારણે પત્ની દુઃખી રહી શકે છે. વ્યર્થ ખર્ચનો યોગ છે.

# દાહોદ આપ પાર્ટી દ્વારા ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા વિરૂદ્ધ કેસોમાં દરમ્યાનગીરી માટે કલેકટરને આયોજન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
આદિવાસી સમાજના લોકપ્રિય યુવા નેતા અને ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા વિરૂધ્ધ દાખલ કરાયેલ કેસો વિરૂધ્ધ દરમ્યાનગીરી કરવા બાબતે અને આ મામલાની ન્યાયિક તપાસ કરવામાં આવે તે માટે આમ આદમી પાર્ટી, દાહોદ દ્વારા ગુજરાતના મુખ્ય મંત્રીને સંબોધતું એક આવેદનપત્ર દાહોદ જીલ્લા કલેકટર કચેરીએ સુપ્રત કર્યુ હોવાનું જાણવા મળે છે.

આમ આદમી પાર્ટી, દાહોદ દ્વારા ગુજરાતના મુખ્ય મંત્રીને સંબોધતુ એક આવેદનપત્ર દાહોદ જીલ્લાન કલેક્ટરને આપવામાં આવ્યું હતું અને જેમાં જણાવ્યાં અનુસાર, ડેડીયાપાડા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા સામે ડેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં જંગલ વિભાગના કર્મચારીઓ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ આખી ઘટના એવી છે કે, જંગલ વિભાગે જેમને જમીન માલિકીની સનદ ફોરેસ્ટ એકટ અંતર્ગત આપી છે એવા ખેડુતોની જમીનમાં ઉભા કપાસના પાકને જંગલ વિભાગના કર્મચારીઓએ કાપી નાંખ્યો. વિસ્તારના લોક પ્રતિનિધિ તરીકે આ બાબતની રજુઆત ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા પાસે આવી હતી. ચૈતરભાઈ વસાવાએ અસરગ્રસ્ત ખેડુતો અને જંગલ વિભાગના કર્મચારીઓને સાથે બેસાડી સમાધાનનો રસ્તો શોધકાવાનો પ્રયત્ન કર્યો હતો. સમાધાન રૂપે રાજીખુશીથી નક્કી થયું કે, જંગલ વિસ્તારના કર્મચારીઓએ શરતચુક કે અન્ય જે કોઈ કારણથી ખેડુતોને નુકસાન કર્યુ છે તે જંગલ વિભાગના કર્મચારીએ નુકસાનની સહમતીથી નક્કી થયેલી રકમ ચુકવી આફી અને મામલો ત્યાં જ પુરો થયો એમ માનવામાં આવ્યું હતું. પાછળછી જંગલ વિભાગના કર્મચારીઓએ કોઈના દબાણથી કે કાવતરાના ભાગરૂપે ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી હતી. જે રકમ સહમતીથી નુકસાનની ભરપાઈ તરીકે ચુકવાઈ હતી તેને બળજબરીથી લેવાયેલી ખંડણી તરીકે ફરિયાદમાં દર્શાવવામાં આવી હતી. પોલીસે ચૈતરભાઈ વસાવા, એમના પત્નિ અને અસરગ્રસ્ત ખેડતોને આરોપી તરીકે દર્શાવ્યાં છે. આ આખી ઘટના ચૈતરભાઈ વસાવા જે રીતે લોક પ્રતિનિધિ તરીકે સક્રિય છે. નર્મદા પુરની માનવ સજીર્ત આફત વખતે એમણે જે રીતે લોકોના પડખે ઉભા રહી સેવાઓ આફી અને નાનામાં નાના લોકોના પ્રશ્નોને જે રીતે ઉઠાવે છે એની ઈર્ષાથી ઉભી થઈ હોય એવું દેખાઈ છે. અથવા ધારાસભ્ય તરીકે ચૈતરભાઈ વસાવાની સક્રિયથી સ્થાનીક વહીવટી તંત્રના ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ ઉપર જે અંકુશ આવ્યો છે. નાના મોટા રાજકીય આગેવાનોની કારકિર્દી જોખમાય છે તેવા લોકોએ ઉપજાવેલુ આ ષડયંત્ર છે. આમ, ઉપરોક્ત મામલા સંદર્ભે આમ આદમી પાર્ટી, દાહોદ દ્વારા આ બાબતે ગુજરાતના મુખ્ય મંત્રી દ્વારા રાજયના વડા તરીકે તાત્કાલિક દરમ્યાનગીરી કર, મામલાની ન્યાયિક તપાસ કરાવે અને ત્યાં સુધી ધરપકડો ઉપર રોક લગાવવામાં આવે તેવી રજુઆત સાથે વધુમાં જણાવ્યું હતું કે, જે રીતે આયોજનબધ્ધ આખો મામલો ઉપજાવવામાં આવ્યો છે તે આગામી લોકસભાની ચુંટણીમાં ગુજરાતની પૂર્વ પટ્ટીના આદિવાસી સમાજના મહત્વનો મુદ્દો બનશે. આ માત્ર ચૈતરભાઈ વસાવાને નથી ફસાવાઈ રહ્યાં, ગુજરાતના વંચિત આદિવાસી સમાજને ખોટી રીતે ચીતરવામાં આવી રહ્યો છે. બદનામ અને હેરાન પરેશાન કરવામાં આવી રહ્યો છે અને એના સ્વાભાવિક રાજકીય પ્રત્યાઘાતો પડશે અને આ મામલે તાત્કાલિક દરમ્યાનગીરી કરવામાં આવે અન્યથા આમ આદમી પાર્ટી દ્વારા ગાંધી ચિન્દયા માર્ગે જવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.


# દાહોદમાં નગીના મસ્જીદ દબાણમાં તોડી પાડવાના મામલો હાઈકોર્ટમાં જતા સુનાવણી માટે ૯૧ દિવસની મુદ્દત લંબાવાઈ



દાહોદ,
દાહોદ શહેરમાં સ્માર્ટ સીટી અંતર્ગત પાંચ માસ પહેલા રસ્તા પહોળા કરવાની કામગીરી માટે શહેરના અનેક વિસ્તારોના ગેરકાયદેસર દબાણો પર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. જેમાં શહેરના કેટલાંક મદિરો, મસ્જીદ સહિત ધાર્મિક સ્થળો પર પણ બુલડોઝર ફેરવ્યાં હતા. ત્યારે તેમાં દાહોદ શહેરના મધ્યમમાં આવેલ નગીના મસ્જીદને પણ તોડી પાડવામાં આવી હતી અને આ મામલે લઘુમતિ સમાજ દ્વારા ગુજરાતની હાઈકોર્ટ સુધી પહોચતાં હાઈકોર્ટ દ્વારા અગાઉ કેટલીક મુદતો આપ્યાં બાદ સુનાવણી માટે વધુ ૯૧ દિવસની મુદત લંબાવાઈ હોવાનું જાણવા મળે છે.

દાહોદમાં સ્માર્ટ સિટી અંતર્ગત રસ્તા પહોળા કરી અને સ્માર્ટ રોડ બનાવવાના પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં મોટાપાયે ડિમોલેશનની કામગીરી વહીવટી તંત્ર, સ્માર્ટ સિટી, અને નગરપાલિકા, દ્વારા હાથ ધરવામાં આવી હતી. જેમાં સ્ટેશન રોડ ઉપર આવેલા નગરપાલિકા હસ્તકના શોપિંગ સેન્ટરો પોસ્ટ ઓફિસ સામેના પાલિકા હસ્તકના શોપિંગ સેન્ટરો અને નગરપાલિકા ચોક સામેના પાલિકા હસ્તકના શોપિંગ સેન્ટરો રોડ પહોળો કરવાની યોજના અંતર્ગત તોડી પડાયા હતા અને બીજા તબક્કામાં અંજુમન હોસ્પિટલની સામેની નગીના મસ્જિદ ટ્રસ્ટ હસ્તકની દુકાનો અને મકાનો પ્રાંત અધિકારીની આગેવાનીમાં ગેરકાયદેસર છે, તેમ કહી તોડી પડાયા હતા ત્યારે ચોથા તબક્કામાં ધાર્મિક સ્થળો તોડી પાડવાની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં નગીના મસ્જિદ અને છાબ તળાવની પાળ પર આવેલા ત્રણ વિવિધ મંદિરોની સાથે એક દરગાહને પણ ડિમોલેશન કરાઈ હતી. ત્યાર બાદ આ સમગ્ર મામલો નામદાર હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. જેમાં સુનાવણી થતા વધુ એક મુદ્દત પડતા આ મામલામાં કોઈ હુકમ ન આવતા હાલ પૂરતો આ મસ્જિદનો વિવાદ યથાવત રહેવા પામ્યો હતો.

# લીમખેડા તાલુકાના દાભડા નજીક એસટી બસની અડફેટે ત્રણ બાળકો સહીત ચાર વ્યક્તિઓ ઈજાગ્રસ્ત



દાહોદ,
દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના દાભડા નજીક ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર પૂર ઝડપે આવતી એસટી બસે મોટરસાયકલને અડફેટમાં લેતા સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ત્રણ બાળકો તેમજ એક ઈસમ સહીત ચારને ઈજાઓ પહોંચી હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળે છે.

ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર વાહન ચાલકોની ગફલત અને પૂર ઝડપના કારણે માર્ગ અકસ્માતના બનાવો સામે આવી રહ્યા છે. જેના પગલે આ હાઈવે અકસ્માત ઝોન તરફ અગ્રેસર થઈ રહ્યું છે. ત્યારે સર્જાયેલા વધુ એક માર્ગ અકસ્માતમાં ત્રણ બાળકો સહિત ચાર લોકોને ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે. જેમાં લીમખેડા તાલુકાની ઢઢેલા સ્કૂલમાં અભ્યાસ કરતા ત્રણ બાળકોને તેના પિતા શાળા છૂટવાના સમયે લેવા ગયા હતા. જ્યાંથી પરત ઘરે આવતી વેળાએ દાભડા નજીક પાછળથી પૂર ઝડપે આવી રહેલી એસટી બસે મોટરસાયકલને અડફેટમાં લેતા સર્જાયેલા માર્ગ અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણ બાળકો સહીત ચાર લોકોના શરીરે ઈજાઓ પહોંચી હતી. જે બાદ ભેગા થયેલા આસપાસના લોકોએ ચારેય ઈજાગસ્તોને ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે દાહોદના ઝાયડસ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાલ ચારેય વ્યક્તિઓ સારવાર હેઠળ છે. આ મામલે લીમખેડા પોલીસ દ્વારા એસટી બસના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

# દે.બારીઆની APMCમાં ગંગા સ્વરૂપ યોજના અંતર્ગત વિધવા બહેનોને ચણાની કીટનું વિતરણ કરાયું



દાહોદ,
રાજય કક્ષાના મંત્રી બચુભાઈ ખાબડના હસ્તે ચણા ૨૫ કિલો, ટ્રાયકોડરમા પાવડર ૧ કિલો, એન.પી.કે. લિકવિડ ૫૦૦ ગ્રામ, પાક સંરક્ષણ દવા ૫૦૦ ગ્રામ સહિત ચણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં એક કીટની કિ.રૂ. ૨૮૦૦/- જેવા ૨૭૫ કીટનું વિતરણ કરવામાં આવ્યું અને વધુમાં મંત્રી દ્વારા આમ આદમી પાર્ટીને પણ આડે હાથે લીધી હતી. તેમની આગવી છટામાં જણાવ્યુ હતું કે, આપણી મોદી સરકાર વાયદા નથી કરતી બહેનોને પગભર બનવવાનુ કામ કરે છે. નહી કે, આમ આદમી પાર્ટીના ખોટા વાયદા જેવા કે, અગાઉ આમ આદમી દ્વારા ગેરેન્ટી કાર્ડ અપાયા હતા. એમા તમને કશું મળ્યું? એ ખાલી વાયદાવાળી સરકાર છે. એમના ચક્કરમા ના પડશો અને આપણને સહાય કરનારી ભારતીય જનતા પાર્ટીના પડખે રહો તેવું મંત્રી બચુભાઈ ખાબડે પોતાના ઉદ્દભોધનમાં જણાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જીલ્લા ઉપપ્રમુખ, દેવગઢ બારીયા પાર્ટી પ્રમુખ, જીલ્લા સભ્યો, તાલુકા સભ્યો, ખેતીવાડી અધિકારી, પાર્ટીના હોદ્દેદારો સહિત લાભાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

# દાહોદ જીલ્લા આંગણવાડી વર્કર અને હેલ્પરોએ પડતર માંગણીને લઈ રેલી યોજી પ્રાંત અધિકારીને આવેદન આપ્યું



દાહોદ,
દાહોદ જીલ્લામાં આંગણવાડીઓમાં વર્કર અને હેલ્પર તરીકે કામ કરતી મહિલાઓએ પડતર પ્રશ્નો મામલે દાહોદ શહેરમાં શનિવારની બપોરે ૦૧ કિમી લાંબી રેકી કાઢીને પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનમાં તાકીદની બેઠક કરીને ૧૫ દિવસમાં પોતાના પ્રશ્નોનો ઉકેલ લાવવાની માંગણી કરવામાં આવી હતી.

દાહોદ શહેરમાં ગોદી રોડથી રેલી સ્વરૂપે પ્રાંત કચેરીને પ્રાંત અધિકારીને આપેલા આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, સપ્ટેમ્બર ૨૦૨૨માં થયેલા સમાધાનનો અમલ હજી સુધી કરવામાં આવ્યો નથી. નાસ્તાના બીલો પણ ૦૭ થી ૦૮ મહિનાથી ચુકવવામાં આવ્યાં નથી. પોષણ બીલો પણ ચુકવવામાં આવ્યાં નથી. કન્ટીજન્સી કે ફ્લેક્સી ફંડની રકમો પણ ખાતામાં જમા થઈ નથી. કેટલીક જગ્યાએ આંગણવાડી કાર્યકરોએ ગેસના બાટલા અને ભાડાની રકમનો કરેલો ખર્ચ પણ અપાયો નથી. ૨૪ સપ્ટેમ્બર સુધી તો માનદ વેતન પણ ચુકવાયું નથી. જેથી બહેનોની સ્થિતિ કફોડી બની ગઈ છે. ગ્રાન્ટના અભાવે નાસ્તો બંધ કરવાની પણ આંગણવાડી બહેનો દ્વારા ઉચ્ચારવામાં આવી હતી. આ સાથે માનદ વેતન દર મહિનાની ૦૧થી ૧૦ તારીખ સુધીમાં ચુકવવામાં આવે તેવી વ્યવસ્થા લઘુત્તમ વેતન સહિતની અનેક તકલીફોની આવેદનપત્રમાં વ્યથા ઠાલવવામાં આવી હતી.

# સ્વચ્છતા હી સેવા : દાહોદ જીલ્લા માહિતી કચેરી ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



દાહોદ,
દેશને સ્વચ્છ, સુંદર અને રળીયામણો બનાવવાના દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાનના પગલે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં સ્વચ્છતા હી સેવા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો હેઠળ રાજ્યભરમાં આગામી બે મહિના સુધી સ્વચ્છતા હી સેવાના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. દાહોદ જીલ્લામાં સરકારી કચેરીઓમાં સ્વચ્છતા અભિયાન હાલમાં ચાલી રહ્યું છે. જેના ભાગરૂપે દાહોદ જીલ્લા માહિતી કચેરી ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં નાયબ માહિતી નિયામક સુરેન્દ્ર બળેવીયા દેખરેખ અને માર્ગદર્શનમાં કચેરીના તમામ કર્મચારીઓ સફાઈ કામગીરીમાં જોતરાયા હતા. ઓફિસના ફર્નિચર, વિવિધ ટેબલ, ખુરશી, પંખા, કમ્પ્યુટર, સ્ટોર રૂમની સફાઈ કરવામાં આવી હતી. તેમજ રેકર્ડ વર્ગીકરણ સુદ્રઢ કરવામાં આવ્યું હતું. દાહોદ માહિતી કચેરીમાં હાથ ધરાયેલ સ્વચ્છતા કામગીરીમાં સહાયક અધિક્ષક એમ.બી.ભોઇ, માહિતી મદદનીશ રણજીત ડામોર, જુનિયર કલાર્ક ડી.એસ.પરમાર, સહિત કર્મચારીઓ સફાઈમાં જોડાયા હતા.

# બોટાદ : ગઢડાના લાખણકા-અડતાળા વચ્ચે ૩.૫૫ લાખની લૂંટ

બોટાદ,
બોટાદ જિલ્લાના ગઢડામાં આવેલા લાખણકા-અડતાળા ગામ વચ્ચે રાત્રે લૂંટની ઘટના બની હતી. જેમાં દામોદર ઓઈલ મીલના સેલ્સ કર્મચારી પાસેથી રૂપિયાની લૂંટ થઇ હતી. સેલ્સ કર્મચારી ઓઈલના રૂપિયા લઈને ઉમરાળાથી જસદણ તરફ જતો હતો, તે દરમિયાન અજાણ્યા બે શખ્સોએ આંખમાં મરચું નાંખીને રૂપિયા ૩.૫૫ લાખ લૂંટી લીધા, તેવી કર્મચારીની રાવ છે.

ભોગ બનનાર કર્મચારીનું નામ નારણ કુમાખાણીયા હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતા પોલીસે બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે. તેમજ ડીવાયએસપી એલસીબી એસઓજી અને ડોગ સ્કવોડનો કાફલો પણ તપાસમાં જોડાયો હતા.

# દાહોદ તાલુકાના મોટી ખરજ ગામે ફોર વ્હીલ બે બાઈકને અડફેટમાં લેતાં ચાલક ઈજાઓ થતાં મોત

દાહોદ,
દાહોદ તાલુકાના મોટીખરજ ગામે એક ફોર વ્હીલર ગાડીના ચાલકે એક મોટરસાઈકલના ચાલકને અડફેટમાં લેતાં મોટરસાઈકલના ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજયાંનું જાણવા મળે છે.

ગત તા.૦૪ નવેમ્બરના રોજ ગરબાડા તાલુકાના બરસડા ગામે પટેલ ફળિયામાં રહેતાં નરેશભાઈ લાલાભાઈ બામણીયા પોતાના કબજાની મોટરસાઈકલ લઈ મોટીખરજ ગામે વડલી ફળિયા પાસે દાહોદ ગરબાડા રોડ ઉપરથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી નરેશભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં નરેશભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે નરેશભાઈને શરીરે, હાથે, પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજયું હતું. જયારે ફોર વ્હીલર ગાડીના ચાલકે માર્ગ અકસ્માત સર્જી પોતાના કબજાની ફોર વ્હીલર સ્થળ પર મુકી નાસી જતાં આ સંબંધે મૃતક નરેશભાઈના પિતા લાલાભાઈ ઝિથરાભાઈ બામણીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આહાર ખાતે રાજકુમારીના વરદ્દહસ્તે દિવાળીની અનોખી ઉજવણી



દે.બારીયા,
દેવગઢ બારીયાની રાજકુમારી કુમારી કનીકાદેવીજીના વરદ્દહસ્તે આહાર ખાતે આજે તા.૪-૧૧-૨૩ના રોજ જરૂરિયાત વાળા બાવીસ કુટુંબોને કાચું રેશન રોકડા રૂપિયા ૨૫૦-ઉપરાંત ઘરગથ્થુ ઉપયોગ માટે દરેકને કોમ્પેક્ટ સ્લાઈસર અને આહારના સર્વે લાભાર્થીઓને પૂરી, ખંડ, દાળ, ભાત, બટાકાવડા, શાક સાથેનું પાકું ભોજન આપી જરૂરિયાતમંદ લોકોના ઘરમાં ખુશીઓનો દીપ પ્રગટાવી દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી.

# દાહોદ ખાતે ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન યોજયું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ ખાતે ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન યોજવામાં આવ્યો. જેમાં રાજયના આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી કુબેર ભાઈ ડીંડોર તથા દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, જીલ્લા શિક્ષણાધિકારી સુરેશભાઈ મેડા, સંઘના અધક્ષ ડી.કે.પટેલ, મહેન્દ્રભાઈ, આચાર્ય સંઘના મહામંત્રી અલ્કેશ આર પ્રજાપતિ અને સંઘના અન્ય હોદ્દેદારો, સંકુલ કન્વીનર, સહ સંયોજક ઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા અલગ અલગ કૃતિઓ નિહાળી અને શિક્ષણ મંત્રી તેમના આવનાર ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી. સાથે સાથે ચંદ્રયાન-૩ સફળ માટે પણ આપ જેવા વૈજ્ઞાનિકો ને કારણે જ શક્ય બની શકે છે અને આજે વિમાં ભારતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ, તે આપ જેવા વૈજ્ઞાનિકોને આભારી છે. શિક્ષણ મંત્રીના પ્રવચન સાંભળી વિદ્યાર્થીઓમાં પણ ઉમરકાભેર જોષ છવાઈ ગયો.

# ૦૭ નવેમ્બરના રોજ ગોધરાના ગોલ્લાવ સ્થિત GVS હાઇસ્કુલ ખાતે આયુષ મેળો યોજાશે

ગોધરા,
૮માં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી અંતર્ગત "આયુર્વેદ ફોર વન હેલ્થ" અને "હર દિન હર કિસી કે લીએ આયુર્વેદ" થીમ અંતર્ગત આગામી તારીખ ૦૭ નવેમ્બર મંગળવારના રોજ જી.વી.એસ હાઇસ્કુલ, ગોલ્લાવ તાલુકો ગોધરા ખાતે આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત પંચમહાલ અને મ.અ.હ.સરકારી આયુર્વેદ હોસ્પિટલ પોપટપુરાના સંયુક્ત ઉપક્રમે આયુષ મેળાનું આયોજન કરાશે. આ સાથે ગોલ્લાવ ખાતે નિર્મિત સરકારી આયુર્વેદ દવાખાનું ગોલ્લાવના નવીન મકાનનું લોકાર્પણ પણ કરવામાં આવશે. જે અંતર્ગત આયુર્વેદ તેમજ હોમીયોપેથી સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ, વન ઔષધિ પ્રદર્શન, ચાર્ટ પ્રદર્શન, દિન ચર્યા ઋતુચર્યા, મિલેટ્સ વાનગી પ્રદર્શન, યોગ નિદર્શન, પંચકર્મ, અગ્નિ કર્મ વગેરે આયુષ પદ્ધતિઓનું નિર્દેશન જાહેર જનતાના લાભાર્થે કરવામાં આવશે.

# ગરબાડા કન્યા પ્રા.શાળામાં લાંચ રૂશ્વત અટકાયત થીમ આધારીત ચિત્ર સ્પર્ધા યોજાઈ


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
તાલુકા કન્યા પ્રાથમિક શાળા ગરબાડામાં સતર્કતા જાગરૂકતા સપ્તાહ-૨૦૨૩ ઉજવણીના ભાગરૂપે લાંચ રૂશ્વત અટકાયક થીમને ધ્યાનમાં રાખીને ચિત્ર સ્પર્ધાનું આયોજન ગાંગરડી સ્થિત ભારત ગેસ એજન્સીના સંચાલક શીતલબેન દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં શાળાની વિદ્યાર્થીનીઓને ભાગ લીધો હતો. શીતલબેન દ્વારા ચિત્ર સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓને વિશેષરૂપે ઇનામો તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહક ઇનામો આપવામાં આવ્યા હતા. જે બદલ શાળાના આચાર્યાં શૈલાદેવી તથા સ્ટાફ પરિવારે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.


ગરબાડામાં રવિવારી હાટ બજારમાં ગૌધનને સજાવવા માટેના વિવિધ જાતના રંગબેરંગી દોરડાઓ, મોરપીંછ ફુંદા, ઘુઘરા સહીતની અનેક વસ્તુઓની દુકાનો લાગી હતી. ગાય ગોહરીના આ ઉત્સવને લઈને દરેક ખેડૂત પોતાનું પશુધનને વિશેષ રીતે તૈયાર કરતા હોય છે. જેથી કરી તેમનું પશુ ગૌધન અલગ જોવાય.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.65

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## કાલોલ બીલીયાપુરાના બે ઈસમો વીજ જોડાણ કાપવા ગયેલ કર્મચારી સાથે માથાકુટ કરી કચેરીમાં આવી કાચ તોડી નુકશાન કરતાં માથાભારે ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

કાલોલ,
કાલોલ તાલુકાના બિલીયાપુરા ગામે મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ વીજ બીલ બાકી નાણાં માટે વીજ જોડાણ કાપવા માટે ગયેલ હતા. તે કર્મચારીઓ માથાકુટ કરી વીજ જોડાણ નહિ કાપવા દેનાર બે ઈસમો કાલોલ વીજ કંપની કચેરીની ઓફિસમાં જુનીયર ઈજનેર સાથે હાથાપાઈ કરી કાચ તોડફોડ કરી નુકશાન કરતાં બે ઈસમો વિરૂદ્ધ કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.



કાલોલ તાલુકાના બિલીયાપુરા ગામે કાલોલ મધ્ય ગુજરાજ વીજ કંપનીના કર્મચારીઓ વીજ બીલના બાકીના નાણાં નહિ ભરતા વીજ જોડાણ કાપવા માટે ગયા હતા. ત્યારે ગામના ઈસમો અક્ષય ઉર્ફે અન્નો અને ગજુર ઉર્ફે બજાબ બે ઈસમોએ વીજ કંપનીના કર્મીઓને વીજ જોડાણ નહિ કાપવા દઈ માથાકુટ કરી હતી. ત્યારબાદ બે માથાભારે ઈસમો કાલોલ વીજ કચેરીમાં આવીને જુનીયર ઈજનેર સાથે હાથાપાઈ કરી કચેરીના કાચ તોડી નુકશાન કર્યુ હતું. વીજ કચેરીમાં માથાકુટ કરનાર બે ઈસમો વિરૂદ્ધ અગાઉ પણ પોલીસ મથકે ગુનાઓ નોંધાયેલ છે. વીજ કચેરીમાં નુકશાન કરી હાથાપાઈ કરનાર બે ઈસમો વિરૂદ્ધ કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## પાવાગઢ ગેસ્ટ હાઉસમાં મુસાફરોની ઓનલાઈન એન્ટ્રી નહિ પાડનાર ચાર સંચાલકો વિરૂદ્ધ SOG પોલીસે ફરિયાદ નોંધાવી





પાવાગઢ,
પંચમહાલ ગોધરા એસ.ઓ.જી. પોલીસ પાવાગઢ ગામ તથા આસપાસમાં આવેલ હોટલ તથા ગેસ્ટ હાઉસમાં ચેકીંગ કરતા ચાર ગેસ્ટ હાઉસમાં મુસાફરોની સોફ્ટવેરમાં ઓનલાઈન એન્ટ્રી નહિ કરતા આ બાબતે સંચાલકો વિરૂદ્ધ પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ પંચમહાલ ગોધરા એસ.ઓ.જી.પોલીસ દ્વારા પાવાગઢ તથા આજુબાજુમાં આવેલ હોટલ તથા ગેસ્ટ હાઉસોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમિયાન સિદ્દિ વિનાયક ગેસ્ટ હાઉસ-૧, સિદ્ધી વિનાયક ગેસ્ટ હાઉસ-૨, જયદેવા ગેસ્ટ હાઉસ, અભિલાષા નિવાસ ગેસ્ટ હાઉસમાં મુસાફરોની પથીક સોફ્ટવેરમાં ઓનલાઈન એન્ટ્રી કરેલ ન હોય જેને લઈ એસ.ઓ.જી.પોલીસ દ્વારા ચાર ગેસ્ટ હાઉસના સંચાલકો વિરૂદ્ધ પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી.

## ગોવામાં ૩૭ મીએ નેશનલ ગેમ્સમાં પંચમહાલ અને દાહોદ જીલ્લાની વુમન ટીમે બ્રોન્ઝ મેડલ મેળવ્યો



ગોધરા,
પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૬ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ગોવામાં ૩૭મી નેશનલ ગેમ્સનું ઉદ્દઘાટન કર્યું હતું. ગોવાના મડગાવ ખાતે ૨૬ ઓક્ટોબરથી ૯ નવેમ્બર સુધી ચાલનારા આ રમત મહાકુંભમાં દેશના ૧૦ હજારથી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

ગુજરાતના પંચમહાલ અને દાહોદ જીલ્લાની અમિતા રાઠવા, ભાનુમતી બારીયા અને લસ્સી રાઠવાએ આર્ચરી રમત રાઉન્ડ વુમન ટીમમાં બ્રોન્ઝ મેડલ મેળવીને ગુજરાત સહિત પંચમહાલ અને દાહોદ જીલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ તકે પંચમહાલ જીલ્લા કલેક્ટર આશિષ કુમાર સહિત વહીવટી તંત્ર દ્વારા અમિતા રાઠવા અને તેમના કોચને અભિનંદન પાઠવ્યા છે. આર્ચરી રમત રાઉન્ડ વુમન ટીમમાં અમિતા રાઠવા, ભાનુમતી બારીયા અને લસ્સી રાઠવા દ્વારા મહારાષ્ટ્રની ટીમને ૫:૩ થી હરાવીને બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટીના ડાયરેક્ટર આર.એસ.નિનામા સહિત ગુજરાતના અધિકારીઓ દ્વારા ટીમને અભિનંદન પાઠવ્યા છે.

પંચમહાલની અમિતા રાઠવાએ શરૂઆતમાં આશ્રમ શાળા, ઘોઘંબા ખાતે સેન્ટર ઓફ એક્સેલન્સ C.E.0 યોજના હેઠળ તાલીમ મેળવી છે. ગોધરા જીલ્લા રમત વિકાસ અધિકાર અને આર્ચરી કોચ પ્રતાપ પસાયાએ આર્ચરી ખેલાડી અમિતા રાઠવાને કોચ તરીકે તથા આશ્રમ શાળાના આચાર્ય મીનાભાઈ કોલચાએ માર્ગદર્શન આપ્યું છે. જ્યારે દાહોદના દેવગઢ બારીયાથી ડી.એલ.એસ.એસ સ્પોર્ટ્સ શાળા ખાતે ભાનુમતી બારીયા અને લસ્સી રાઠવાએ તાલીમ મેળવી છે.

## ઘોઘંબાના ચેલાવાડા ગામે હાલોલ રૂરલના કોન્સ્ટેબલે અકસ્માત સર્જી મહિલાનું મોત નિપજાવ્યું



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના ચેલાવાડા ગામે હાલોલ રૂરલ પોલીસ મથકના કોન્સ્ટેબલ એ બેફામ કાર હંકારી લાવી એક મહિલાને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી કાર ચાલક કોન્સ્ટેબલ કાર સ્થળ ઉપર મુકી નાશી છુટીયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ચેલાવાડા ગામ આવેલ બાબાદેવના મંદિર રવિવારનાર દિવસે મોટી સંખ્યામાં દર્શન માટે આવતા હોય છે. ત્યારે આજરોજ મંદિર પાસે રસ્તા ઉપર મહિલા પસાર થઈ રહી હતી. ત્યારે હાલોલ રૂરલ પોલીસ મથકમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ કુણાલ ઉર્ફે કેડી પોતાની કાર નં.જીજે.૦૬.એલવી. ૬૦૫૧ને પુરઝડપે હંકારી લાવી રાહદારી મહિલાને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નિપજાવ્યું હતું. અકસ્માત સર્જનાર કોન્સ્ટેબલ પાવાગઢ ખાતે બંદોબસ્તમાં હતો. અકસ્માતમાં મહિલાનું મોત નિપજાવી કોન્સ્ટેબલ ઘટના સ્થળે કાર મૂકીને નાશી છુટીયો હતો. અકસ્માતમાં મરણજનાર મહિલા ટીમ્બા ગામ તરફની હોવાનું પ્રાથમિક રીતે જાણકારી મળી છે. ચેલાવાડા ગામ પાસે અકસ્માતમાં મહિલાના મોત થયાની જાણ થતાં રાજગઢ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. ઘટના સ્થળે એકઠા થયેલ લોકટોળાએ અકસ્માત સર્જનાર કોન્સ્ટબેલ નાશી છુટીયો હોવાનું જણાવ્યું હતું. હાલોલ રેફરલમાં સારવાર કરાવી વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## દાહોદ(ક)ની ગરીબ આદિવાસીની જમીનમાં વારસદારો છુપાવીને ભુમાફિયાઓ દ્વારા જમીન પડાવી લેવાનો પર્દાફાશ થયો

પંચમહાલ સમાચાર/ગોધરા,
દાહોદ કસ્બાની એક જમીનના ૭ વ્યકિતઓની સંયુકત માલિકીની હોય આ જમીનના વારસદારો પૈકી પાંચ વ્યકિતઓને બિન ફરજન દર્શાવી માત્ર બે વ્યકિતના નામે ૭૩ એએના નિયંત્રણો હટાવવા માટે અરજી કરી નિયંત્રણો દુર કરવાની પરવાનગી લઈને વેચાણ દસ્તાવેજ કરાયો હતો. દાહોદ (કસ્બા)ની જમીનમાં ૭ વ્યકિત પૈકીના જે પાંચ વ્યકિતનો બિન ફરજન દર્શાવવામાં આવ્યા હોય તેના વારસદારો આ જમીનમાં વારસદારો છુપાવીને બારોબાર વેચાણ દસ્તાવેજ કરાયા હતા. આ જમીનના વારસદારો જે બીન ફરજન દર્શાવવામાં આવ્યા છે. તે વ્યકિતઓના મરણના દાખલાઓ દાહોદ કોર્ટ માંથી ચાર થી છ માસના ગાળાની મરણ તારીખ દર્શાવીને મરણના દાખલા મેળવવામાં આવ્યા છે. આ જમીનમાં વારસદારો પૈકી પાંચ વારસદારોને બિન ફરજન દર્શાવીને માત્ર બે વારસદારો સાથે સાંઠગાંઠ કરીને ભુમાફિયાઓ દ્વારા રચવામાં આવેલ ષડયંત્રમાં ગરીબ આદિવાસીઓની જમીન પડાવી લેવાના કિસ્સામાં ભુમાફિયાઓની ભુમિકાની તટસ્ટ તપાસ થાય તેવી માંગ ઉઠવા પામી છે.

## ઘોઘંબાના ગોંદલી ગામે ખેતરમાં ૪૭ છોડ લીલા ગાંજા કિંમત ૨.૮૯ રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપ્યો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના ગોંદલી કાપલી ફળીયામાં રહેતા ઈસમના ખેતરમાં એસ.ઓ.જી.પોલીસે બાતમીના આધારે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ખેતર માંથી ૪૭ લીલા ગાંજાના છોડ કિંમત ૨,૮૯,૦૦૦/-રૂપીયાના જથ્થા સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ગોંદલી ગામે કાપલી ફળીયામાં રહતો ભોદુભાઈ ચંદુભાઈ બારીયાએ પોતાના કબ્જાવાળા માલિકીના ખેતરમાં લીલા ગાંજાના છોડ ઉછારેલ છે. તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે રેઈડ કરી હતી. ખેતરમાં તપાસ દરમિયાન ૪૭ લીલા ગાંજાના છોડ વજન ૨૮.૯૦ કિલો ગ્રામ કિંમત ૨,૮૯,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ઘોઘબા પોલીસ મથકે એન.ડી.પી.એસ. હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરાના વાઘજીપુર ખાતે સંકુલ ચાર સર્જન ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજયું



શહેરા,
શહેરા તાલુકા સંકુલ ચાર સર્જનનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન વાઘજીપુર ખાતે આવેલી એન.એમ. વિદ્યામંદિર ખાતે રાખવામાં આવ્યું હતું. માદયમિક અને ઉચ્ચતર માદયમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ૪૮જેટલી કુર્તીઓ ગણિત વિજ્ઞાનની રજુ કરવામાં આવી હતી.

શહેરા તાલુકા સંકુલ ચારની શાળાઓનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન એન.એમ. વિદ્યામંદિર ખાતે યોજાયું હતું. તાલુકાની માદયમિક અને ઉચ્ચતર માદયમિક શાળાઓમાંથી ૪૦જેટલી ગણિત વિજ્ઞાનની કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરેલી ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણને લગતી એક-એક થી ચડિયાતી કુર્તીઓ પ્રદર્શન નિહાળવા માટે આજુબાજુની શાળાઓમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉમટી આવ્યા હતા. ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન યોજવાનો મુખ્ય આશય હોય છે કે સમાજમાં વધતી જતી સમસ્યાઓ માટે સરળતાથી અને ઝડપી માર્ગદર્શન દ્વારા સરળીકરણ બને તથા આજના વિદ્યાર્થીઓ પણ આવતીકાલના ભારતના ભાવિ વૈજ્ઞાનિકો બની દેશના વિકાસમાં સહયોગી બની શકે તેમજ વિજ્ઞાનની શોધખોળો આજે પણ સમાજને નવો યુગ પ્રાપ્ત થયેલ જોવા મળી રહયો છે. ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં માદયમિક અને ઉચ્ચતર માધ્યમિક હાઈસ્કૂલના વિજ્ઞાન શિક્ષકો તેમજ જીલ્લા શિક્ષણાધિકારી કચેરીના મદદનીશ શિક્ષણ નિરીક્ષક તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

## કડાછલા મંદિર ખાતે ચૈત્રી નવરાત્રીમાં યોજાનાર મહાયજ્ઞને લઈ સાંસદની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



ગોધરા,
આવતા ચૈત્રી નવરાત્રીમાં કડાછલા મંદિર ખાતે યોજાનાર ૧૦૦૮ અતિરૂદ્ર મહાયજ્ઞ અને સતચંડી મહાયજ્ઞના આયોજન ભાગરૂપે સાંસદ રતનસિંહ રાઠોડ નિવાસસ્થાને બેઠકનું આયોજન કર્યું. વિસ્તારની ધર્મપ્રિય જાહેર જનતા આ મહાયજ્ઞનો સૌથી વધુ લાભ પ્રાપ્ત કરે એ હેતુથી સાથી મિત્રો દ્વારા આગોતરૂ આયોજન કરવામાં આવ્યું હતું.

## સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગોધરા કલેકટર કચેરી ખાતે સફાઈ ઝૂંબેશ હાથ ઘરાઈ



ગોધરા,
રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં સ્વચ્છતા હી સેવા અભિયાનના હેઠળ સ્વચ્છ ગુજરાત ઝુંબેશ હાથ ઘરવામાં આવી છે. જેના ભાગરૂપે પંચમહાલ જીલ્લા અને તાલુકા કક્ષાએ સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. રવિવારના દિવસે નક્કી થયેલ મુજબ સરકારી ઈમારતો અને કચેરીઓમાં સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે ગોધરા કલેકટર કચેરી ખાતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં જીલ્લા કલેકટર આશિષ કુમાર, નિવાસી જીલ્લા કલેકટર એમ.ડી. ચુડાસમા સહિત કલેકટર કચેરી ખાતે ફરજ બજાવતા તમામ અધિકારીઓ તથા કર્મચારીઓએ કલેકટર કચેરી ગોધરાના પરિસર, વિવિધ વિભાગ અને રેકર્ડ રૂમ, ફાઈલ વર્ગીકરણ કરીને સફાઈ કરી હતી. આ સફાઈ ઝુંબેશ અંતર્ગત કલેકટર કચેરી ખાતે કાર્યરત કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કલેકટર કચેરી પરિસરની સફાઈ હાથ ધરી હતી.

## ગોધરા તાલુકાના કાંકણપુર ગામેથી ૧.૮૬ લાખના ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે બે ઈસમને ઝડપ્યા

ગોધરા,
ગોધરા તાલુકાના કાંકણપુર આંટા ફળીયામાં રહેતા આરોપી ઈસમે પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ માટે રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂ, બીયર ટીન મળી કિંમત ૧,૮૬,૯૧૨/-અને રોકડ રૂપીયા મળી રૂા.૨,૧૯,૫૩૨/-ના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના કાંકણપુર ગામે આંટા ફળીયામાં રહેતા શૈલેષભાઈ ભલાભાઈ પરમાર પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ માટે રાખેલ છે. તેવી બાતમીના આધારે કાંકણપુર પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂ તથા બીયર ટીન મળી નંગ-૧૬૩૯ કિંમત ૧,૮૬,૯૧૨/-રૂપીયાનો જથ્થો તેમજ વેચાણ કરનાર ભલાભાઈ પરમાર બન્ને ગુણવંતભાઈ ભલાભાઈ પરમારને ઝડપી અંગઝડતી કરતાં રોકડ ૩૨,૬૨૦/-રૂપીયા મળી કુલ ૨,૧૯,૫૩૨/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે પ્રોહિબીશન હેઠળ ગુન્હો નોંધાવામાં આવ્યા. જયારે બુટલેગર શૈલેષભાઈ ભલાભાઈ પરમાર અને દારૂનો જથ્થો પુરો પાડનાર ઈસમ વિરૂદ્ધ ગુન્હો નોંધી વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા.

## શહેરા જુના વલ્લવપુર ગામેથી ૨.૫૯ લાખનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપ્યો

શહેરા,
શહેરા તાલુકાના જુના વલ્લવપુર ગામે રહેતો ઈસમ પોતાના ઘાસવાળા ખેતરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડેલ હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી વિદેશી દારૂ કિંમત ૨,૫૯,૨૦૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના જુના વલ્લવપુર ગામે રહેતા જીતેન્દ્રભાઈ ઉર્ફે કાળુ બળદેવસિંહ સોલંકીએ ઘાસવાળા ખેતરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ વ્હીસ્કી પ્લાસ્ટીક કવાટરીયા નંગ-૨૫૯૨ કિંમત ૨,૫૯,૨૦૦/-રૂપીયાના મુદ્દામાલને ઝડપી પાડવામાં આવ્યો. પોલીસે રેઈડ દરમિયાન આરોપી મળી નહિ આવતાં વોન્ટેડ જાહેર કરી આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા તાલુકા પ્રાથમિક શિક્ષક સહકારી ધીરાણ મંડળીના સભાસદોના તેજસ્વી તારલાઓને સમિતિના નિર્ણયથી મેરીટ ક્રમાંક મુજબ નક્કી કરેલ શૈક્ષણિક લાયકાત MBBS, Bed, HSC ના ૫ વિદ્યાર્થી-વાલીઓને મંડળી તરફથી ચેરમેન હિંમતસિંહ કે.રાઠવા, મંત્રી વાસુદેવભાઈ પંચાલ, સભ્યોના હસ્તે કોલેજ લેપટોપ બેગ, મિલ્ટન વોટર બોટલ, આકર્ષક ટ્રોફી ૩ વસ્તુનો સેટ વસ્તુ સ્વરૂપે પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા.

## શ્રદ્ધાંજલી

સારા કર્મની સુવાસ સદાય રહેશે, મીઠી વાણી હંમેશા યાદ રહેશા, દેહથી ભલે અદ્રશ્ય થઈ ગયા પરંતુ આપની યાદ હંમેશા રહેશે. ભગવાન સ્વામીનારાયણ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...



સ્વ. શાન્તાબેન કાન્તીભાઈ પટેલ
સ્વ.તા.૦૨/૧૧/૨૦૨૩

લી.
પટેલ કાન્તીભાઈ મનજીભાઈ
પટેલ રાજુભાઈ કાન્તીભાઈ
પટેલ જગ્દીશભાઈ કાન્તીભાઈ
પટેલ અક્ષકુમાર સુનિલભાઈ
પટેલ લલીતાબેન દિપસિંહ
પટેલ શારદાબેન પુષ્પકભાઈ
પટેલ ગુણવતીબેન ભેમસીંગ
પટેલ સંગીતાબેન અશ્વિનભાઈ
પટેલ સરસ્વતીબેન રાજુભાઈ
પટેલ ભૈમસીંગભાઈ મનજીભાઈ
પટેલ આરતભાઈ મનજીભાઈ
પટેલ પાર્વતીબેન રાજુભાઈ
પટેલ મધુબેન જગ્દીશભાઈ
પટેલ રંજનબેન સુનિલભાઈ
સમસ્ત પટેલ પરિવાર

અભિનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
પ્રણામી મીસ મંગલમ સહકારી મંડળી
તરફથી અભિનંદન....
મુ. સાલીયા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ